જય હો સંતવાણી



જીજ્ઞેશ એન.ગજ્જર

Auto Photo Cut Paste

Scanned by CamScanner

શ્રી ગણેશ વંદના-1

જય ગણેશ ગણનાથ દયાનિધિ,
સકલ વિઘન કરો દૂર હમારે.
જય ગણેશ...
પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારો,
ઉસકે પૂરણ કારજ સારે.
જય ગણેશ...
લંબોદર ગજબદન મનોહર,
કર ત્રિશૂલ પરશુ વર ધારે..
જય ગણેશ...
રિદ્ધિ સિદ્ધિ દોઉં ચમર ઢૂલાવે,
મૂષક વાહન પરમ સુખારે...
જય ગણેશ...
બ્રહ્માદિક સુર ધ્યાવત મન મે,
ઋષિ મુનિ ગણ સબ દાસ તુમ્હારે...
જય ગણેશ...
બહ્માનંદ સહાય કરો નિત,
ભક્તજનો કે તુમ રખવારે..
જય ગણેશ...

Scanned by CamScanner

ભજન -2

ભાઈ તુ ભજી લેને કિરતાર
મોંઘો મનુષ્યદેહ ફરી ફરીને
મળે નહી વારંવાર...   ભાઈ તું...

જૂઠી કાયાને જૂઠી છે માયા,
જૂઠો કુટુંબ-પરિવાર.
રાજા ગોપીચંદ અને ભરથરી,
છોડી ગયા ઘરબાર...   ભાઈ તું...

કામ,ક્રોધ,મદ,લોભ,મોહમાં,
જ્ઞાને જુઓ નથી સાર.
આ અવસર જો ચૂકી ગયા તો,
ખાશો જમનાં માર...   ભાઈ તું...

લાખો ગયા ને તું પણ જવાનો,
મૂરખ મનમાં વિચાર.
સાચું કહું છું છતા જૂઠું માને તો,
મૂઆ કુટુંબને સંભાર...   ભાઈ તું...

Scanned by CamScanner

સત ચલણ સદગુરુની સેવા,
સજ્જનનો શણગાર.
"દાસ સત્તાર" કહે કર જોડી,
હરિ ભજી ઊતરો પાર. ભાઈ તુ...

Scanned by CamScanner

ભજન-3

સાધુ વો નર હમકો ભાવે,
સુખ ઔર દુ:ખ મેં આનંદ રહેવે;
હરદમ હરિગુણ ગાવે... સાધુ...

પરનારી પરધન કો ત્યાગે,
સતકી રોજી ખાવે;
તન,મન ઔર બચન સે કોઈ,
જીકો નાહીં દુ:ખાવે... સાધુ...

કરે સેવા સંસારી તો ઉનકો,
સાચી રાહ દિખાવે;
ધર્મ કરતા ધાડ પડે તો,
હિંમત હાર ન જાવે... સાધુ...

પરદુ:ખભંજન હોકર રહેવે,
ગુરુ ગોવિંદ ગુણ ગાવે;
"દાસ સત્તાર" ગુરુ ગોવિંદ મિલકર,
કાલકો માર હઠાવે... સાધુ...

Scanned by CamScanner

ભજન -4

તારા રે ઘટમાં પીયુજી બિરાજે,
અંતરપટ જોને ખોલી.
હૃદયમાં વસ્તુ છે અણમોલી...
હૃદયમાં...
સત સમાગમ નિશદિન કરીએ,
સાંભળીએ શુદ્ધ બોલી.
સજ્જન કેરા સંગમાં ભાઈ,
પ્રેમની પ્રગટે હોળી.
હૃદયમાં...
સત્યસમશેર લઈને મારજો ભાઈ,
પાંચ પચ્ચીસની ટોળી.
શુદ્ધ શબ્દો સંતોનાં ભાઈ,
પીજો ઘોળી ઘોળી.
હૃદયમાં...
ગુરુ કરીને ગુરુ ચરણમાં રેજો,
લેજો શબ્દોને તોળી.
"દાસ સત્તાર" ગુરુ પ્રતાપે,
વાગે જ્ઞાનની ગોળી.
હૃદયમાં...

Scanned by CamScanner

ભજન-5

હમારે પ્રભુ અવગુણ ચિત્ત ના ધરો...
સમદર્શી હૈ નામ તિહારો,
ચાહે તો પાર કરો.

અવગુણ...

એક નદીયા એક નાવ કહાવત,
મૈલો હી નીર ભયો.
દોંનો મિલકે એક બરન ભઈ,
સુરસરિ નામ પરો.

અવગુણ...

એક લોહા કો પૂજા મે રાખત,
એક ઘર બધિક ફીરો.
પારસ ગુણ અવગુણ નહિ ચિતવે,
કંચન કરત ખરો.

અવગુણ...

યહ માયા ભ્રમજાલ કહાવૈ,
"સુરદાસ" સગરો,
અબ કી બેર મોહે પાર ઊતારો,
નહિ તન જાત કરો.

અવગુણ...

Scanned by CamScanner

ભજન -6

નહિ મિલતી હૈ બાત વેદન મે,
વેદ કહે સબ ભેદ હી હૈ.
નહિ મિલતી હૈ...
ગુપ્ત જ્ઞાન જ્યાં ગતિ નહિ પહોંચે,
વાણી કી ફીર ક્યાં ગુંજાઈશ હૈ.
નેતિ નેતિ જ્યાં વેદ પુકારે,
નેતિ કી અજબ નિશાની હૈ.
નહિ મિલતી...
જો જાને વોહી પહેચાને,
બાત કહી નહિ જાતી હૈ.
ગૂંગા ગુડ કા સ્વાદ કહે ક્યાં?
સમજ સમજ મુસ્કાવત હૈ.
નહિ મિલતી...
ગુરુ ગમ ભેદ અગમ હૈ ગહેરા,
ઐસે સમજ નહિ આવત હૈ.
બિના ચરણ સદગુરુ સે કોઈ,
ભેદ કભી નહી પાવત હૈ.

Scanned by CamScanner

"લાલ"કહે લે જ્ઞાન ગુરુ સે,
ભીતર ધ્યાન લગાવત હૈ.
અનહદ દોર પકડ સહજ મે,
શૂન્યશિખર ચડ જાવત હૈ.
નહિ મિલતી...

Scanned by CamScanner

ભજન- 7

એવી પ્યાલી પીધી મેં તો,
મારા સદગુરુજીનાં હાથે રે,
પીતાં મારે પ્રીત બંધાણી,
પ્રીતમવરની સંગાથે રે;
એવી પ્યાલી...
પ્રેમ તણી લાગી છે અગ્નિ,
એતો પ્રગટી હાડો હાડે રે,
અણસમજુ અજ્ઞાની મુજને,
ગાંડી ગણીને કાઢે રે;
એવી પ્યાલી...
પ્રેમે સદગુરુ મુજને મળિયા,
મારો સફળ થયો જનમારો રે,
હું ગાંડી કે દુનિયા ગાંડી,
જ્ઞાની આપ વિચારો રે;
એવી પ્યાલી...
પીયુનાં તો સુખને બેની,
પરણેલી સ્ત્રી જાણે રે,
શું સમજે કુંવારી કન્યા,
એતો પિયરીયું જ વખાણે રે;
એવી પ્યાલી...

Scanned by CamScanner

"દાસ સત્તાર" ગુરુ પ્રતાપે,
પરણી મોજુ માણે રે,
જોવું હોય જો પીયુનું સુખ તો,
પરણો વચન પ્રમાણે રે;
એવી પ્યાલી...

Scanned by CamScanner

ભજન-8

ભજી લેને નારાયણનું નામ.
આ અવસર છે રામ ભજનનો,
એમાં કોડી ન બેસે દામ.
ભજી લેને...
કામ, ક્રોધ, મદ, લોભ, મોહને,
મૂકી દે મનથી તમામ.
માત, પિતા, સુત, બાંધવ, દારા,
કોઈ નહી આવે કામ.
ભજી લેને...
અંધ થઈને અથડામાં ભૂંડા,
ઘટ ઘટમાં સુંદીરશ્યામ.
દાસ સત્તાર કહે કર જોડી,
સૌ સંતોને પ્રણામ.
ભજી લેને...

Scanned by CamScanner

ભજન- 9

દીનકે દયાળુ દુસરો ન કોઈ,
ગોદડી પુરાની દીજે મોરી ધોઈ.
દીનકે...
અનાથો કે નાથ, પ્રભુ હાથ પકડ લીજે,
દીજે દાન દર્શકા મેં રાતદિન રોઈ.
દીનકે...
ફંદે મેં ફસી હું નાથ, આનકે છુડાઓ,
ભૂલ ગઈ રંગરાગ, સૂધબૂધ ખોઈ.
દીનકે...
નાત, જાત ભુલી ઔર માતતાત ભુલી,
હો ગઈ ફજેત મેંને લોકલાજ ખોઈ.
દીનકે...
પ્રેમ મેં પ્રભુ કે મંચ તો હો ગઈ દીવાની,
કહેતે હંચ "દાસ સત્તાર" હોની થી સો હોઈ.
દીનકે...

Scanned by CamScanner

ભજન-10

જો આનંદ સંત, ફકીર કરે,
વો આનંદ નાહીં અમીરી મેં,
સુખ-દુ:ખ મેં સમતા સાધ રહે,
કુછ ખૌફ નહીં જાગીરી મેં.
જો આનંદ...

હર રંગ મેં સેવક રુપ રહે,
અમૃતજલ કા જયું કૂપ રહે;
સત કર્મ કરે ઔર ચૂપ રહે;
ભલે છાંવ મિલે યા ધૂપ રહે,
નિસ્પૃહી બને જગ મેં વિચરે,
ઔર રહેવે ધીર ગંભીરી મેં.
જો આનંદ...

જગ તારણ કારણ દેહ ધરે;
સત સેવા કરે જગ પાપ હરે,
જિજ્ઞાસુ કે ઘટ મેં જ્ઞાન ભરે,
સત વાણી સદા મુખ સેં ઈચરે;
ષડરિપુ કો બસકર રંગ મેં રમે,
ઔર રહેવે સદા શૂરવીરી મેં.
જો આનંદ...

Scanned by CamScanner

સદબોધ જગત મેં આય કહે,
સત મારગ કો દિખલાય કહે,
ગુરુ જ્ઞાન સેં પદ યે ગાય કહે,
"સત્તાર" શબ્દ સમજાય કહે.
મરજીવા બને સો મોજ કરે,
રહેવે અલમસ્ત ફકીરી મેં.
જો આનંદ...

Scanned by CamScanner

ભજન-11

મેંને ઢૂંઢા અપના શરીર,
વામેં પાયા અલખ અમીર;
માઈ મેં તો બન ગયા રે ફકીરજી!
માઈ મેં તો...
જન્મો જન્મ કા,મેલ ચડિયા,
ધોબી મીલિયા, પીર રે;
ધર્મ ઘાટ પે દે પછાડા,
ન્હાયા નિરમળ નીર;
માઈ મેં તો...
અલ્લાહુ કા જાપ જપિયા,
તબ તો આઈ મોહે ધીર રે;
સુરતા નુરતા એક કીની,
હુવા મનવા સ્થિર.
માઈ મેં તો...
બિના બાદલ એક બીજલી ચમકે,
ઝરમર વરસે નીર રે;
અનહદ નોબત બાજે,નિશદિન,
જ્ઞાન ઘર હય ગંભીર.
માઈ મેં તો...

Scanned by CamScanner

સુરતા સુન મેં આય ઠહરી,
અવઘટ ઘાટ કે તીર રે;
તનકો તોડા,મનકો જોડા,
કંચન હુવા હય શરીર.
માઈ મેં તો...
ડુંગર ચડિયા,દેખી મઢિયા,
ભયા મેં શૂરવીર રે;
"દાસ સત્તાર" ગુરુ કૃપા સે,
અમર હુઈ જાગીર.
માઈ મેં તો...

Scanned by CamScanner

ભજન-12

ધાર્યું ધણીનું થાય પરંતુ,
સત્ય કર્મ તું કરતો જા;
સેવક બનીને સેવા કરજે,
ધ્યાન ધણીનું ધરતો જા.
સેવક...

તનથી,મનથી,વચનથી,
સાચી સેવા કરજો ભાઈ,
સત્યમેવ જયતે આખર તો,
એમાં શાની નવાઈ;
દયા ધર્મમાં નિશદિન રહેજે,
નિડર થઈને વિચરતો જા,
સેવક...

યોગી તો પોતાનું કરતા,
ભક્ત તો દુ:ખમાં દુ:ખિયાંજી,
સુખ દુ:ખમાં છે સહુનાં સાથી,
પ્રભુ નામમાં સુખીયાંજી;
બે મારગ છે સમજુ શાણા,
મન ભાવે તે કરતો જા,
સેવક...

Scanned by CamScanner

મરવું તો જીવવાનું છોડો,
જીવવું તો પછી મરવું શું?
સમજુ સાનમાં સમજી જાશે,
જન્મ ધરીને કરવું શું?
"દાસ સત્તાર" કહે કર જોડી,
ભવસાગરને તરતો જા,
સેવક...

Scanned by CamScanner

ભજન-13

મસ્તી મેં મંય મસ્ત બના હું,
અબ તો મંય મદમાતા હું;
જૂઠે ઝગડે છોડકે અબ તો,
હરિભજનકો ગાતા હું;
મસ્તી મેં...
રાજા, રંક, ફકીર યા સાધુ,
સબકો મિલને જાતા હું;
ગુરુ કૃપા સે હાથ જોડ કર,
સબકો શીશ ઝુકાતા હું;
મસ્તી મેં...
ભલાબુરા જો કોઈ કહે મુજકો;
ધ્યાન ન ઉસપે લગાતા હુ.
યારો મંય હું દાસ તુમારા,
યું કહે કર સમજાતા હુ.
મસ્તી મેં...
'અબ્દુલ સત્તાર' નામ હય મેરા,
"દાસ સત્તાર" કહેલાતા હું;
મેરા મુરશીદ હય રંગીલા,
યારો મંય રંગ રાતા હું.
મસ્તી મેં...

Scanned by CamScanner

ભજન-14

છાઈ ઘટા ઘનઘોર સખીરી,
મોરે શ્યામ ના આયે.   છાઈ...

દાદુર બોલે, પપૈયા બોલે,
કોયલ કર રહી શોર, સખીરી.   છાઈ...

રેન અંધેરી, મોરી સેજ હય સુની,
બસત નગરિયામેં ચોર, સખીરી. છાઈ...

બિરહા અગન તન, મનમેં જલત હય,
ચેન ના આઠોં પહોર, સખીરી.   છાઈ...

"અબ્દુલ સત્તાર" મોઈનું કે સદકે,
કહત હય કર જોડ, સખીરી.   છાઈ...

Scanned by CamScanner

ગઝલ-15

વહેમ ભૂલી પ્રેમમાં ભરપૂર થાતો જાઉં છું.
સત, અહિંસક શસ્ત્રધારી શૂર થાતો જાઉં છું.

પ્રેમ પંથે ચાલતાં આતમ બને પરમાત્મા,
એ વિચારે વહેમથી હું દૂર થાતો જાઉં છું.

પ્રેમમય થઈ ને પ્રભુનાં નામની માળા જપું,
ભક્તનાં ઉપનામથી, મશહૂર થાતો જાઉં છું.

એક સતનાં નૂરથી આ વિશ્વની છે ઉત્પત્તિ,
નૂરમાં લય થાઉં છું ને નૂર થાતો જાઉં છું.

છે અમીમય આંખડી સદગુરુની "સત્તારશાહ"
એમની નજરોમાં હું મંજુર થાતો જાઉં છું.

Scanned by CamScanner

ભજન- 16

હું તો આ ચાલી ભરવાને પાણી,
મને બોલાવે સદગુરુ જ્ઞાની.

છોડીને પિયરીયું મારે જાવું સાસરીયે,
એમાં શરમ મને શાની.   બોલાવે...

હવે તો પીયુજી વિના ઘડી નવ ચાલે,
મારી વીતી જાય છે જુવાની. બોલાવે...

ઇંગલા ને પીંગલાનો મારગ છોડી,
સુક્ષ્મણા માર્ગે જવાની.   બોલાવે...

ગગનમંડળમાં બેની ઉનમુખ કૂવો,
એમાં અમૃત ભર્યું છે પાણી. બોલાવે...

અધર તખત પર મારા ગુરુજી બીરાજે,
પૂરી મળી છે એંધાણી.   બોલાવે...

"દાસ સત્તાર" ને ગુરુ જ્ઞાની મળિયા,
વાતો બતાવી છાની છાની.   બોલાવે...

Scanned by CamScanner

ભજન- 17

મનવા, લઈલે લ્હાવ અમૂલ,
મનુષ્યદેહ મળ્યો અતિ દુર્લભ,
મોંઘા એનાં મૂલ.

મનવા...

ષડરિપુનો સંગ તજીને,
સેવા, ભક્તિ, શૃંગાર સજીને,
નિશદિન નામ પ્રભુનું ભજીને,
પ્રેમ હીંડોળે ઝૂલ.

મનવા...

મિથ્યા માયામાં મનડું મોહ્યું,
વિપરિત માર્ગે આયુષ ખોયું,
મૂરખે પાછું ફરી નવ જોયું,
એજ છે મોટી ભૂલ.

મનવા...

નહીં કરવાનાં કર્મ કરીને,
પાપ કમાણીથી પેટ ભરીને,
પરનારીથી પ્રીત કરીને,
લાખો થઈ ગયાં ડૂલ.

મનવા...

Scanned by CamScanner

અવસર આવો ફરી નહીં આવે,
અભિમાને શીદ બાજી ગુમાવે,
"સત્તાર શાહ" સાચું સમજાવે:
'ફૂલણશી મત ફૂલ.'

મનવા...

Scanned by CamScanner

ભજન-18

અમને અડશો ના, અભડાશો.
પછી ન્હાવાને ક્યાં જાશો?
અમને..
ન્યાત જાતનાં બંધન છૂટ્યાં,
છૂટી જૂઠી લાજ.
ગુરુ પ્રતાપે અમને મળ્યું છે,
પ્રેમ-નગરનું રાજ.
અમને...
અભડાવાની બીક ના હોય તો,
આવો અમારી પાસે.
નાતીલા જો નિન્દા કરશે તો,
પાપ બધાં ધોવાશે.
અમને...
નાતનાં જૂઠાં બંધન માંહી,
કદી નહીં બંધાશું.
સર્વાંગી બની સર્વ સ્થળે,
અમો પ્રેમી થઈને જાશું.
અમને...

Scanned by CamScanner

પ્રેમ પંથનાં અમો પ્રવાસી,
પ્રેમી નામ અમારું,
વ્હેમની વાટે કોણ જાય,
ત્યાં જણાય હું અને મારું.
અમને...

ઊંચ નીચના ભેદ જે ભૂલે
તે સાચું સુખ માણે,
"દાસ સત્તાર" કહે સમજાવી
અભિમાની શું જાણે?
અમને...

Scanned by CamScanner

ભજન-19

હરિ કે બીના કૌન ગરીબ કો બેલી?
ધનવાલે ધન દેખ ફૂલાયે,
બાંધે મહેલ હવેલી;
દાન,ધરમ,દયા નહીં દિલ મેં,
હાય અનીતિ ફયલી.
હરિકે...
નામ કરન કો દાન કરત હય,
મન મેં નિષ્ઠા મેલી;
પાપી પાંખડી કો પૂજે,
બનકર ચેલા ચેલી.
હરિકે...
નાટક દેખે, નાચ નચાવે,
ઠાલી કરે નિત ઠેલી;
ઉનકો સત્ય કહા સે સૂઝે
જીનકે બાપ તાઇ માં તેલી,
હરિકે...
દોરંગી દુનિયા કે અંદર,
દેખી ભેલા ભેલી;
"દાસ સત્તાર" કોઈ એક ધર્મી,
બાકી દુનિયા ઘેલી.
હરિકે...

Scanned by CamScanner

ભજન-20

બીગડે સો બનજાવે, સમજકર,
બીગડે સો બનજાવે...

હંમ બીગડે, તુમ બીગડો ભાઈ,
સદગુરુ સત સમજાવે;
સમજે બીના બીગડે જો કોઈ,
આખર ધૂલ કો પાવે.
સમજકર...
નીતિ રીતિ સે દૂધ જબ બીગડે,
દહીં હોકર રહ જાવે;
દહીં પર સાચી મહેનત હો તો,
મસ્કા ઝટ તીર આવે.
સમજકર...
આગ લગે મસ્કે કે નીચે,
તબ વો ઘી હો જાવે:
"દાસ સત્તાર" કહે સમજાકર,
સમજુ કો સમજાવે.
સમજકર...

Scanned by CamScanner

ભજન-21

પગ ઘૂંઘર બાંધકર નાચી રે.
મેં તો મેરે નારાયણ કી,
આપહી હો ગઈ દાસી રે..
ઘૂંઘર...
લોગ કહે મીરાં ભઈ બાવરી,
ન્યાત કહે કુલ નાસી રે..
ઘૂંઘર...
વિષ કા પ્યાલા રાણાને ભેજા,
પીવત મીરાં હાંસી રે..
ઘૂંઘર...
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
જન્મો જન્મ કી મેં દાસી રે...
ઘૂંઘર...

Scanned by CamScanner

ભજન- 22

મોરલી વેરણ થઈ રે કાનુડાની.
મોરલી વેરણ થઈ;
બાવરી હું તો બની ગઈ રે,
કાનુડાની મોરલી વેરણ થઈ.
વનરાવનની ગુંજગલીમાં
ચાલી હું લઈને મહી,
નંદનો લાલ મને સામો મળ્યો,
જોતા હું શરમાઈ ગઈ રે!
કાનુડાની...
વ્હાલો વગાડે મીઠી મીઠી મોરલી,
સાંભળતા શુદ્ધ ગઈ.
એ રે ઠગારે કામણ કીધાં,
હું તો ઠગાઈ હવે ગઈ રે!
કાનુડાની...
સાંવરી સુરત, મોહની મુરત,
ઉપર મોહિત થઈ.
"દાસ સત્તાર"નાં પ્રીતમની હું,
દાસી બનીને હવે રહી રે!
કાનુડાની...

Scanned by CamScanner

ભજન-23

કોને કહું દિલડાની વાતું,
નથી રહેવાતુ હવે નથી રહેવાતુ...
જેને જેને કહું તે તો કહ્યું નવ માને,
મૂરખ ગણીને મને મારે છે લાતું,
નથી...
ઘેલાં રે લોકો મારી ગત શું જાણે!
મારા રુદિયામાં કાંઈ કાંઈ થાતું!
નથી...
દિલનાં દરદ તો દર્દી દિલ જાણે,
હેજી વૈદોને એ નથી સમજાતું!
નથી...
સુગરા મળે તો શાંતિ રે સ્થાપે,
નુગરા પાછળથી કરે છે વાતું!
નથી...
કહે "સત્તાર દાસ" ભજો એક અવિનાશ,
પ્રભુને ભજતા, રહે છે મન રાતું!
નથી...

Scanned by CamScanner

ભજન-24

એને જાણે કોઈ અનુભવી જ્ઞાની!
જ્ઞાતની વાતો છાની.
વાલીડા મારા, મૂંગે સપનામાં મોજો માણી;
એતો સમજે પણ વદે નહી વાણી રે,
જ્ઞાનની...
વાલીડા મારા, મૂંગો સમશ્યામાં બોલે વાણી;
કોઈ જ્ઞાનીએ ગત એની જાણી રે,
જ્ઞાનની...
વાલીડા મારા, જ્ઞાનમાં મોજો મઝાની;
એને શું સમજે અભિમાની રે?
જ્ઞાનની...
વાલીડા મારા, કહે સત્તાર દાસ ધ્યાની;
તમે શીદને કરો છો ખેંચા તાણી રે?
જ્ઞાનની...

Scanned by CamScanner

ગઝલ-25

જોતા જણાયું શાંતિ સંતોષમાં મળે છે,
સંતોષી જન છે સુખિયા, તૃષ્ણાએ શું વળે છે!

છે કાયદો કુદરતનો, વાવો તેવું જ લણશો,
જવ વાવે જવ મળે છે, ઘઉં વાવે ઘઉં મળે છે.

સ્વાર્થી અને પક્ષપાતી,કરતા કુસંપ કલેશો,
જ્ઞાનીને પ્રેમી ભક્તો સહુમાં હળેમળે છે.

સત્કર્મ કરી લે ભાઈ, દુનિયામાં કર ભલાઈ,
ટૂંકા જીવનમાં માનવ, દુનિયાને શું છળે છે?

"સત્તારશાહ" સમજો, કુદરતનાં ખેલ ન્યારા,
લખ્યા લલાટે લેખો, એતો ટાળ્યા ના ટળે છે.

Scanned by CamScanner

ગઝલ-26

ભુલાતી નથી એ સુખી જિંદગીને,
હમેશા હતી જ્યાં ખુશી જિંદગીને.
સુખી જિંદગી બાળપણમાં ગુજારી;
જુવાનીએ કીધી દુ:ખી જિંદગીને.
ચડી ષડરિપુને ફંદે જુવાની,
બગાડે ઉમંગો ભરી જિંદગીને.
મળે વૃદ્ધપણું ત્યારે પસ્તાવો થાયે;
દુ:ખોમાં ગુજારે રડી જિંદગીને.
આ અવનિમાં ઉત્તમ મનુષ્યદેહ પામી,
કુમાર્ગે ચડી વેડફી જિંદગીને.
કહે જીવ અજ્ઞાનમાં ભાન ભૂલી,
'હજી હું સમજતો નથી જિંદગીને.'
વિચારી જૂઓ જિંદગી બંદગી છે,
મૂરખ તુ સમજતો નથી જિંદગીને.
કર સતસમાગમ તો જીવન સુધરશે,
દુઆઓ મળે છે ભલી જિંદગીને.
કીધો બોધ "સત્તારશાહ" સદગુરુએ,
કૃપા મુજ પ્રભુની મળી જિંદગીને.

Scanned by CamScanner

ગઝલ- 27

કાનુડો કાળો કાળો રાધા છે ગોરી ગોરી,
છે એક નવલકિશોર, છે એક નવલકિશોરી.

મન વશ કરીને જોતાં શુદ્ધ પ્રેમ ઝાંખી થાયે,
અજ્ઞાની જીવ જાએ જ્યાં મનડું જાય દોરી,

છે પ્રેમ સર્વ વ્યાપી વ્હેમી જનો શું જાણે?
અજ્ઞાની ને અનાડી ઊંઘણશી ને અઘોરી.

ઘાયલ-ગતિને ઘાયલ જે હોય તે જ જાણે,
કોઈ ગયું મુજ ધોળે દિને હૃદય ચોરી.

"સત્તારશાહ" નિઝામી પ્રેમીની છે મુનાદી,
પ્રીતિ કરો તો એવી જેમ ચંન્દ્ર ને ચકોરી.

Scanned by CamScanner

ગઝલ-28

શું પૂછો છો મુજને કે હું શું કરું છું?
મને જ્યાં ગમે ત્યાં હરું શું, ફરું છું.

ન જાઉં, ન જાઉં કુમાર્ગે કદાપિ,
વિચારી વિચારીને પગલાં ભરું છું.

કરે કોઈ લાખો બુરાઈ છતાં હું,
બુરાઈના બદલે ભલાઈ કરું છું.

નથી બીક કોઈની મને આ જગતમાં,
ફક્ત એક મારા પ્રભુથી ડરું છું.

ચડી છે ખુમારી, પીધી પ્રેમ સુરા,
પ્રેમી બનીને જગમાં હું વિચરું છું.

છે સાદું કવન ભક્ત આ સત્તારનું,
કવિ જ્ઞાનીઓનાં ચરણે ધરું છું.

Scanned by CamScanner

ગઝલ-29

હૃદયને જો તપાસીને
છુપાયેલો ખજાનો છે,
લઈ લે જ્ઞાન સદગુરુથી,
એમાં એનો ભેદ છાનો છે.

પ્રભુ છે અને તુ કોણ છે,
જરા જ્ઞાને વિચારી જો,
હતો તું ક્યાં, આવ્યો છે ક્યાં
અને પાછો ક્યાં જવાનો છે.

હજી છે હાથમાં બાજી,
જીવડા જો જરા જાગી,
ધરીને ધ્યાન ઘટમાં જો
મળ્યો અવસર મજાનો છે.

કળીનો દોર ચાલે છે,
જગતમાં જામે નાસ્તિકતા,
અનેરા કાળનો આરંભ
હવે દુનિયામાં થવાનો છે.

Scanned by CamScanner

ગુરુથી જ્ઞાન લઈ સતભેદને
"સત્તારશાહ" સમજો,
મનુષ્યદેહ મળ્યો અતિ મોંઘો,
અનુભવ પામવાનો છે.

Scanned by CamScanner

ગઝલ-30

જિન્દગાની હું ગુજારું પ્રેમનાં વેપાર પર,
પ્રેમ હૂંડી મેં લખી છે સદગુરુ સરકાર પર.

જીવ તન મન પ્રેમની કિંમતમાં અર્પણ કર્યા,
હાટની વસ્તુ નથી વેચાય જે કલદાર પર.

પ્રેમ પંથે ચાલવું કે ખેલવું સહેલું નથી,
ખેલવું ખુલ્લા પગે જેમ ખાંડા કેરી ધાર પર.

પ્રેમમાં જોયું તપાસી માર સાથે પ્યાર છે,
પ્યાર પણ આવી મળે કુરબાન એવા માર પર.

જીવતાં જીવંત કાઢી મારી આશા રહી ગઈ,
ફૂલડાં શાને ચડાવો ખાકનાં અંબાર પર.

પ્રેમનાં પાઠો ભણી "સત્તારશાહ" શું શું લવે!
હું દીવાનો થઈ ગયો છું, યારનાં દીદાર પર.

Scanned by CamScanner

ગઝલ-31

જીવનનાં સૂર ચાલે છે એક તાર દિલમાં,
ભક્તિ કરી રીઝાવું મારો છે પ્યાર દિલમાં.

મિથ્યા જગતને જાણું, સત બ્રહ્મ એક માનું;
જોયું અસાર જગમાં સાચો છે સાર દિલમાં.

છે પ્રાણથી યે પ્યારો, હું એનો, એ છે મારો;
માને ન માને કોઈ, મારો છે યાર દિલમાં.

નામી અને અનામી છે વિશ્વવ્યાપી વ્હાલો;
અજ્ઞાનીઓ શું જાણે! રાખે વિકાર દિલમાં.

અજ્ઞાન ઊંઘ ત્યાગી જાગીને જો જણાશે;
ખેલ અનેરા ખેલો એ યાદગાર દિલમાં.

કર બંધ બાહ્ય દ્રષ્ટિ, અંતર તપાસ તારું;
ઝાંખી જો, જણાશે સાચો ચિતાર દિલમાં.

સત્ સેવા પ્રેમ ભક્તિ "સત્તાર" નિત્ય યાચું;
એવા વિચાર દેજે,પરમેશ્વર તું દિલમાં.

Scanned by CamScanner

ગઝલ-32

એવા રસીલા નૈન વિણ બીજે હૃદય ઘવાય ક્યાં?
ઋણી બનીને આપના બીજે હવે જવાય ક્યાં?

જો જો અમારી પ્રીતડી, અંત સુધી નિભાવજો,
દ્વાર તમારું છોડીને દીવાના દિલડાં જાય ક્યાં?

પ્યાસી તમારા પ્રેમનાં આવી ઊભાં છે બારણે,
પ્રેમસુરા વિણ હે સનમ!પ્યાસી હૃદય ધરાય ક્યાં?

તારો હૃદયમાં વાસ છે, સર્વ સ્થળે પ્રકાશ છે,
ગેબી અવાજ થાય કે દ્વારેદ્વારે અથડાય ક્યાં?

જોયું જગે ફરી ફરી, પાસે મળ્યા છો શ્રીહરિ,
જ્ઞાની ગુરુ મળ્યા વિના "સત્તાર" યોગ થાય ક્યાં?

Scanned by CamScanner

ભજન-33

આનંદ ઘડી હેતે ભજવા હરિ રે,
મારા સંતો સુહાગી મળિયા આનંદ ઘડી...
મારા સંતો...
પ્રેમનાં પ્યાલા મારા ગુરુજીએ પાયા,
જોત રે જોતામાં એક વસ્તુ જડી રે.
મારા સંતો...
હૃદયકમળ વિશે હુવા અજવાળા,
ત્રિવેણીનાં તીરમાં એક જ્યોત ખડી રે.
મારા સંતો...
ગગનમંડળમાં વાજા રે વાગે,
શૂન્ય રે શિખર ઉપર સુરતા ચડી રે.
મારા સંતો...
દાસી જીવણને સંતો ભીમ ગુરુ ભેટ્યા,
એણે રે બતાવી અમને અમર જડી રે.
મારા સંતો...

Scanned by CamScanner

ભજન- 34

તમે જૂઓને આ વાત વિચારી
ઓધવજી કરમની કી ગત ન્યારી.
ઓધવજી...
નિરમળ નીર કા નાના સરોવર,
સમંદર હો ગયે ખારી.
બંગલે કો બહું રુપ દિયા હૈ,
કોયલ કર દી કારી.
ઓધવજી...
સુંદર લોચન મૃગ કો દિયા હૈ,
બન બન ફિરત દુઃખારી.
મૂરખ રાજા રાજ કરત હૈ,
પંડિત ભયો રે ભિખારી.
ઓધવજી...
લોભી કો ધન બહુત દિયા હૈ,
દાતા કો મિલે ના જુવારી.
મીરાં કહે પ્રભુ ગિરધર ના ગુણ,
ચરણકમલ બલીહારી.
ઓધવજી...

Scanned by CamScanner

ભજન-35

મનમોહન મુરત તેરી પ્રભુ
મિલ જાઓગે આપ કહીના કહી.
મનમોહન...
કાશી, મથુરા, બિન્દ્રાવન મે,
યા અવધપુરી કી ગલીયન મે,
ગંગા, યમુના, સરયૂ તટ પર,
મિલ જાઓગે આપ કહીના કહી.
મનમોહન...
ઘરબાર કો છોડકર સંન્યાસી હુવે,
સબ કો પરિત્યાગ ઉદાસી હુવે.
સાનેંગે બન બન ખાખ તેરી,
મિલ જાઓગે આપ કહીના કહી.
મનમોહન...
સબ ભક્ત તુમહી કો હેરેંગે,
તેરે નામ કી માલા ફેરેંગે.
જબ આપહી ખુદ શરમાઓગે,
હમે દર્શન દેંગે કહીના કહી.
મનમોહન...

Scanned by CamScanner

ભજન-36

જ્ઞાન ગગનમાં ગોતી લેજો
ત્યાં છે ગુપત ગંગા.
દેખ્યાં હોય તો કહી બતાવો,
મોતી કૈસા રંગા...
દેખ્યા...
ઘુડ ગુરુને છીપા ચેલા,
દિવસે નહી પગ ડંડા.
અગમ ભાખે પણ ગમ નહી નરને,
આપ વખાણે અખંડા, **સંતો...**
દેખ્યા...
દીપ ગુરુએ જ્ઞાન બતાવ્યા,
નર દેખો નવખંડા.
મોતી નિરખ્યાં પીયુને પરખ્યાં,
આપ હુવા આનંદા, સંતો...
દેખ્યા...
કહાં સે આયા તુ કહાં જાયેંગા,
યહી બડા અચંબા.
પીડ બ્રહ્માંડ અપરંપારા,
નહી સૂરજ, નહી ચંદા, સંતો...
દેખ્યા...

Scanned by CamScanner

ભજન-37

નાથ તેરી અકલિત માયા,
તેરા ભેદ કીસીને ન પાયા.
નાથ તેરી...
જો સમજા સો હુવા દિવાના,
જો મૂરખ સો ડાહ્યા.
તુજસે મિલિયા સબસે બિગડા,
કૈસા રંગ જમાયા.
નાથ તેરી...
ખરે મારગે કોઈ સંત સિધાવે,
જૂઠે સબ ભરમાયા.
નજરબંધી કા ખેલ જગત મે,
તુને ઠીક બનાયા.
નાથ તેરી...
સત્ ચલે વો સબ કા વેરી,
પાખંડી શિર છાંયા.
જ્ઞાની કી કોઈ બાત ન માને,
જૂઠે જગ ભરમાયા.
નાથ તેરી...

Scanned by CamScanner

સરગ, નરક ઔર દેવલોક મે,
તુહી આપ સમાયા.
તુજ બિના મુજકો તિન લોક મે,
કોઈ નજર નહી આયા.
નાથ તેરી...
સબ કે ઘટ મે તુહી પ્રગટ હૈ,
તેરી હૈ સબ છાંયા.
જ્ઞાની તેરા જૂના સંગી,
ફેર મિલન કો આયા.
નાથ તેરી...

Scanned by CamScanner

ભજન- 38

વિના વિચાર સકલ જગ ભૂલે
જ્ઞાન વિણ ગૂંચવાઈ.
રામ માયા મૂલે ના...
માયા માયા સિધ સાધ પુકારે,
અચરજ એજ કહાવે.
ભોરિંગ જેવા ચિંથરા ભોંય પર,
દેખો કિસબિધ ખાવે.
રામ માયા મૂલે ના...
માટી કેરા બન્યા માળિયા,
એમાં ચિતવ્યો વાઘ ચિતારે,
એવો ભ્રમ દેખી જીવ ભટક્યો,
વાઘ કિસબિધ મારે.
રામ માયા મૂલે ના...
ખેત બડા પણ બિન રખવાલા,
ઓળા ઊભા કિના.
અક્કલ વિનાનાં ઓળાને ન ઓળખ્યાં,
દેખત હરણા બિના.
રામ માયા મૂલે ના...

Scanned by CamScanner

માયા નીંદ સપને હી જૈસી,
બિન ગુરુ અંધિયારા.
કહે રવિરામ ચેતન જગ જાગ્યા,
ભયા બ્રહ્મ ઉજિયારા.

રામ માયા મૂલે ના...

Scanned by CamScanner

ભજન-39

કોઈ મિલે સંત ફકીર,
પહૂંચાદે ભવદરિયા કે તીર...
પહૂંચાદે...
જોખમ ભરીયો જહાજ હમારો,
નાવીક ઊતારી દે નીર.
કરણી કિનારો કોઈ બતાવે,
સોઈ હમારો પીર.
પહૂંચાદે...
અપનો તો સપને નહી માને,
સંશય નહી શરીર.
હાણ કે લાભ લેશ ન ભાળે,
ઠરી રહે મન સ્થિર.
પહૂંચાદે...
ધીર ગંભીર વચનોનાં પૂરા,
ભલે ઓછું કુળ કે અમીર,
હાલ કરમથી તુરંત છુડાવૈ,
ઐસો મિલે કોઈ પીર.
પહૂંચાદે...

Scanned by CamScanner

પાંચ વિષયમાં પંથી ભૂલ્યો,
છત્રપતિ કે શૂરવિર.
"દાસ સવો" કહે કર જોડી,
લક્ષ બતાદે લગીર.

પહૂંચાદે...

Scanned by CamScanner

ભજન-40

અપરંપાર પ્રભુ અવગુણ મોરા,
માફ કરોને મોરારી રે...
અપરંપાર...
દયા, ધર્મની વાત ન જાણું,
અધર્મનો હું અધિકારી રે.
પાપી પૂરો હું જૂઠાં બોલો,
બહું નિરખુ પરનારી રે.
અપરંપાર...
ભજન થાય ત્યાં મને નીંદરા આવે,
પરનિંદા લાગે બહું પ્યારી રે.
મિથ્યા સુખમાં હું આનંદ માણું,
એવી કુટિલ કુબુદ્ધિ મારી રે.
અપરંપાર...
સાધુ દુભવ્યા મે બ્રાહ્મણ દુભવ્યા,
ભક્ત દુભવ્યા બહું ભારી રે.
માતપિતા બંનેને દુભવ્યા,
ગરીબ કો દિન્હી ગાલી રે.
અપરંપાર...

Scanned by CamScanner

આ ભવસાગર મહાજલ ભરીયો,
ભરીયો છે અતિ ભારી રે.
"તુલસીદાસ" ગરીબની વિનંતી,
હવે તો લેજો ઉગારી રે.

અપરંપાર...

Scanned by CamScanner

ભજન- 41

કેમ તો મૂંઝાણી મતિ તારી,
એવો વણજે આવ્યો વેપારી રે આવ્યો...

સોંઘુ જાણીને સાટુ નવ કરજોને,
વસ્તુને લેજો વિચારી. એવો...

મનુષ્યદેહ તને માંડ કરીને મળ્યો છે,વ્હાલા,
એમાં બાંધતો નહી ભૂંડપની ભારી. એવો...

સદગુરુને તમે સંગાથે લેજો,વ્હાલા,
એતો આપશે શિખામણ સારી. એવો...

હરિજનોને માટે હરિરસ ઓરજોને,
શુદ્ધ બુદ્ધ આપે બહું સારી. એવો...

દાસી રે જીવણ સંત ભીમને ચરણે,વ્હાલા,
ચરણે આવ્યાને લેજો ઉગારી. એવો...

Scanned by CamScanner

ભજન-42

સોઈ વાત કોઈ જાણે જવેરલા,
સૂક્ષ્મવેદ સુણાવું મેરે દાતા
સદગુરુ રામને રીઝાવું રે જી.
મૂળકમળને મધ્યમાં લાવું,
ઉનમુન ધ્યાન લગાવું રે જી.
ખરી ખબરથી ખોજુ ખાવીદને,
તે પર લગની લગાવું મેરે દાતા.
સદગુરુ રામને રીઝાવું રે જી.
ચડી સુરતા ચડી ગગન પર,
અનહદ નાદ સુણાવું રે જી.
રણઝણ રણઝણ હોય રણકારા,
શ્રૃતિ બ્રહ્મ શેર જગાવું મેરે દાતા.
સદગુરુ રામને રીઝાવું રે જી.
આવન-જાવન કા મિટા અંતરા,
એ પરવાના પાવું રે જી.
મેરામ સાહેબ સદગુરુ ચરણે,
નવી નકલમાં ન આવું મેરે દાતા.
સદગુરુ રામને રીઝાવું રે જી.

Scanned by CamScanner

ભજન- 43

દેખો હરિચંદ્ર ચાલ્યા બજારે
સતવાદી સતને માટે.
રાજા છતા રૂખી ઘેર વેચાણા,
બાના તણા બિરદ માટે.
દેખો...
ના કહું તો મારો નાથજી લાજે,
વચન દઈને વળી આ વાટે.
રાણી તારાદે રોહીદાસ વેચાણા,
ભક્તિ ભલાને શિર સાટે.
દેખો...
કુંવર રોહીદાસને સર્પ જ દંશ્યો,
વાત વંચાણી કાશીને ઘાટે.
લીધી ખડગ રાજા રાણી પર કૌપ્યા,
મનથી બિના નહી મૂવાને માટે.
દેખો...
ધ્રુજે ધરણીને કંપે કૈલાશા,
વાલમ રુપ ધર્યું વૈરાટે.
નિમાધારી રાજા નિમ નહી છોડે,
ચરણ ચાલી ચરણો ચાટે.
દેખો...

Scanned by CamScanner

પાછા પગલાં હવે ન હોય શૂરાનાં,
વળી નીકળ્યાં વસમી વાટે.
કહે રવિદાસ ગુરુ ભાણ પ્રતાપે,
જઈને પૂજાણા હરિને પાટે.
દેખો...

Scanned by CamScanner

ગઝલ- 44

ઈસ દેવતાને આજ મેરા દિલ ચૂરા લિયા
દુનિયા કી ખબર ના રહી, તન કો ભૂલા દિયા.

રહેતા થા પાસ મે સદા લેકીન છીપા હુવા,
કરકે દયા દયાલ મે, પરદા ઊઠા લિયા.

સૂરજ ન થા, ન ચાંદ થા, બીજલી નથી વહાં,
એકદમ અજબ શ્યામ કા જલવા દિખા દિયા.

ફિરકે જો આંખ ખોલકર ઢૂંઢન લગા ઉસે,
ગાયબ થા નજર સે સોઈ, પાસ પા લિયા.

કરકે કસૂર માફ મેરે જનમો જનમ કે,
"બ્રહ્માનંદ"અપને ચરણ મે મુજકો લગા લિયા.

Scanned by CamScanner

ગઝલ-45

જીસકો નહી હૈ બોધ તો ગુરુજ્ઞાન ક્યાં કરે?
નિજરૂપ કો જાના નહી તો પુરાન ક્યાં કરે?

ઘટ ઘટ મે બ્રહ્મજ્યોત કા પ્રકાશ હો રહા,
મિટા ન દ્વૈત્યભાવ તો ધ્યાન ક્યાં કરે?

રચના પ્રભુ કી દેખકર જ્ઞાની બડે બડે,
પાવે ન કોઈ પાર તો નાદાન ક્યાં કરે?

કરકે દયા દયાલ પર, મનુષ જન્મ દિયા,
બંદા ન કરે ભજન તો ભગવાન ક્યાં કરે?

પશુ,પંક્ષી ઔર જીવજંતુ પર જીસકો નહી દયા,
"બ્રહ્માનંદ" વ્રતને ગુણગાન ક્યાં કરે?

Scanned by CamScanner

ગઝલ -46

શબ્દોનાં બાણ માર્યા આરપાર દિલમાં,
વાહ રે શિકારી મારા! કીધો શિકાર દિલમાં.

દિલ એક છે ને શસ્ત્ર માર્યા જૂદાં જૂદાં તે,
બરછી અસીને બાણો ખંજર કટાર દિલમાં.

અજમાવ યાર મુજને કર કોડ પૂર્ણ તારા,
સંશય નથી જરીયે ઉમ્મિદવાર દિલમાં.

જુલ્મો સીતમને તારા સમજી છુપાવી રાખું,
બદનામ તું ના થાએ એ છે વિચાર દિલમાં.

ઘાયલ કરી કાં છોડે કર કત્લ મુજને ઝાલિમ!
જખ્મી બન્યો છું દુ:ખડા છે પારાવાર દિલમાં.

તું એક જો મળે તો સર્વે મળ્યું હું જાણું,
ત્યારે કરાર થાશે મુજ બેકરાર દિલમાં.

સત્તાર સત ના છૂટે તારો ન પ્રેમ તૂટે,
એવા વિચાર દેજે પરમેશ્વર તુ દિલમાં.

Scanned by CamScanner

ભજન- 47

પ્યાર નહી હૈ સૂર સે જીસકો,
વો મૂરખ ઇન્સાન નહી. પ્યાર નહી...

સૂર ઇન્સાન બના દેતા હૈ,
સૂર રહેમાન મિલા દેતા હૈ.
સૂર કી આગ મે જલને વાલે,
પરવાને નાદાન નહી. પ્યાર નહી...

જગ મેં અગર સંગીત ન હોતા,
કોઈ કિસીકા મીત ન હોતા.
યે અહેસાન હૈ સાત સૂરો કા,
કે દુનિયા વિરાન નહી. પ્યાર નહી...

સૂર મે સોવે સૂર મે જાગે,
ઉન્હે મિલે વો જો ભી માંગે.
ધર્મ, અર્થ ઔર કામ, મોક્ષ ભી,
જાનો ઉનસે દૂર નહી. પ્યાર નહી...

Scanned by CamScanner

સૂર બિના સરસ્વતી નહી મિલતી,
સૂર બિના કલિયા નહી ખીલતી.
સૂર કે શ્યામ સહાય કરે તો,
ઔર સહાય કી જરુર નહી. પ્યાર નહી...

Scanned by CamScanner

ભજન-48

આજ હમારે દ્વાર ભોલેનાથ આયે
સદા શિવ આયે મેરે મન કો ભાયે.
આજ તો હમારે...
ઉજરી વિભૂતી અંગ જટા મે ખલકે ગંગ,
મુખ તો પૂનમ ચંદ, ભલી શોભા લાયે.
આજ તો હમારે...
સબહી સાહેલી સાથ,ઉમૈયા સે પૂછે બાત,
બાઈ તેરે બડો ભાગ્ય, શંભુ વર પાયે.
આજ તો હમારે...
જાકો જોગી ધરે ધ્યાન, બેદહી કરે બખાન,
"તાનસેન" ગાયે ગુનગાન, શંકર કે ગુન ગાયે.
આજ તો હમારે...

Scanned by CamScanner

ભજન- 49

નામ બતાદે પનિહારી, સખીરી તેરો...
નામ બતાદે...
શિર પર કલશ, કલશ પર ઝારી,
ચાલ ચલે મતવાલી, સખીરી તેરો...
નામ બતાદે...
કૌન ઘર વહુવાર? કૌન ઘર બેટી?
કૌન પુરુષ ઘર નારી? સખીરી તેરો...
નામ બતાદે...
નંદ ઘર વહુવાર, ભકુભાણ કી બેટી,
કૃષ્ણ પુરુષ ઘર નારી, સખીરી તેરો...
નામ બતાદે...

Scanned by CamScanner

ભજન-50

જનમ તેરો બાતો મે બિત ગયો
તુને કબહુ ન ક્રિષ્ન કહ્યો.
જનમ...
પાંચ બરસ ગયે લડખાઈ,
બીસે જોબન ભયો.
તીસ બરસ માયા કે કારણ,
દેશ-વિદેશ ગયો.
જનમ...
ચાલીસ અંદર રાજસુખ પાયો,
બઢત લોભ નિત નયો.
સુખ, સંપત્તિ ઔર માયા કે કારણ,
ઐસે ચલત ગયો.
જનમ...
સૂકી ત્વચા કમ્મર ભઈ ઢીલી,
કફ નિત કંઠ રહ્યો.
બહુ, બેટા તેરો કહ્યો ન માને,
પરવશ દુઃખ મે રહ્યો.
જનમ...

Scanned by CamScanner

ના હરિભજન, ના ગુરુસેવા,
ના કશુ દાન દિયો.
"સુરદાસ" મિથ્યા તન ખોવત.
જમને ઘેર ગયો.
જનમ...

Scanned by CamScanner

ગઝલ- 51

હરિહરાની મરજી મેતો અરજી કરી છે એને.
એ ચાહે ન ચાહે મુજને,મારો તો પ્યાર છે ને.

દુનિયાને છોડી દોડી મે ચરન ગ્રહ્યુ છે એનું,
મારા જીવનની દોરી એને જ હાથ છે ને.

છે દીનદયાલુ એતો સાંભળ છે એ દાદ મારી,
એ જાણે છે મારા દિલની,હું કહીશ દિલની એને.

પ્રીત કરીને મુજથી જૂઓને પરદે રહે છે પ્રીતમ,
પ્રીતમ પ્રીતમ ઝંખે છે દિલ દર્શન કારણ એને.

એની નજરે જીવન મારું જીવું છે એ નજરે,
ગાફીલ છું પણ એની નજર મુજ પર છે ને.

Scanned by CamScanner

દુર્ગા સ્તુતિ- 52

હે જગજનની હે જગદંબા
માત ભવાની ચરણે લેજે.
આદ્ય શક્તિ મા આદિઅનાદિ,
અરજી અંબા તું ઉરમાં ધરજે.
હે જગજનની...

હોય ભલે દુ:ખ મેરુ સરીખું,
રંજ એનો ના થવા દેજે.
રજ સરીખું દુ:ખ જોઈ બીજાનું,
મને રોવાને બે આંસુ દેજે.
હે જગજનની...

આત્મા કોઈનો આનંદ પામે,
ભલે સંતાપી લે મુજ આતમને.
આનંદ એનો અખંડ રેજો,
કંટક દે મને, એને પુષ્પો દેજે.
હે જગજનની...

ધૂપ બનું સુગંધ તું લેજે,
મને રાખ બનીને ઉડી જાવા દેજે.
બળુ ભલે, બાળુ નહી કોઈને,
જીવન મારું સુગંધિત કરજે.
હે જગજનની...

Scanned by CamScanner

કોઈનાં તીરનું નિશાન બનીને,
દિલ મારું તું વીંધાવા દેજે.
ઘા સહી લઉં, ઘા કરુ ન કોઈને,
મને ઘાયલ થઈને પડી રહેવા દેજે.
હે જગજનની...
દેજે શક્તિ મા, દેજે ભક્તિ,
દુનિયાનાં દુ:ખ સહેવા દેજે.
શાંતિ દુર્લભ મા તારા ચરણે,
હે મા તું મને ખોળે લેજે.
હે જગજનની...

Scanned by CamScanner

ભજન- 53

બાલા જોગી આયો...
મૈયા તોરે દ્વારે, બાલા જોગી આયો...

અંગ વિભૂતિ ગલે મૂંઢમાલા,
શેષનાગ લિપટાયો.
બાકો તિલક ભાલચંદ્રમાં,
નંદઘરે અલખ જગાયો. બાલા જોગી...

લેકર ભિક્ષા નીકલી નંદરાણી,
કંચન થાળ ધરાયો.
લ્યો ભિક્ષા જાઓ આસન પે,
બાલક મેરો ડરાયો. બાલા જોગી...

ના ચાહીએ તેરી દોલત દુનિયા,
ઔર યે કંચન માયા.
અપને લાલ કા દરશ કરા દે,
મે દર્શન કો આયો. બાલા જોગી...

Scanned by CamScanner

પંચ બેર પરિક્રમા કર કે,
શૃંગીનાદ બજાયો.
"સુરદાસ" બલિહારી કનૈયા,
જુગ જુગ જીયે તેરો જાયો. બાલા જોગી...

Scanned by CamScanner

ભજન-54

અલખ કે અમલ પર ચઢે યોગીયો કો,
જણાએ તરણ સમ જગત બાદશાહી,
અમલ કી વો યારો ખુમારી ના ઊતરે,
અદલ શહેનશાહી કો પરવા ના કોઈ...
અલખ કે...

હે તૃષ્ણા ભિખારી જો મીલે શહેનશાહી,
ન તૂટે વહાં તક કહાં બાદશાહી,
હૈ શાહોં કી શાહી અદલ ફકીરાઈ,
કર્યો ત્યાગ જીસને તૃષ્ણા મીટાઈ.
અલખ કે...

કદમ પર હૈ ઝુકતી ખલક સારી આઈ,
ઔર ઝુકે રાવ રાણા, બેતુલ બાદશાહી,
જગત જહાંગીરી હૈ, ફીકર જીસને ખાઈ,
યે ફના કે મુકામો સે આશા ઊઠાઈ.
અલખ કે...

ઈધર બાદશાહી ઊધર બાદશાહી,
મીટે ખોફ યારી ફીરે મુફલીસાઈ,
ન આના ન જાના, મીટી ઝીંઝટાઈ,
ફકીરી હૈ ઐસી અદલ શહેનશાહી.
અલખ કે...

Scanned by CamScanner

સબ હી હૈ ઉસી મેં ઔર વો હૈ સભી મે,
નજર એક બીના નહી દુજે સમાઈ,
કહે "લાલ" જીસને હે મસ્તી કો પાઈ,
અમર તખ્ત પર ગાદી અપની બીછાઈ.
અલખ કે...

Scanned by CamScanner

ભજન- 55

મન તુ ધીરજ ક્યું ના ધરે

શુભ અશુભ કર્મ પૂરવ કે,
ઘટબધ કોણ કરે.
હોનહાર હોવે સો હોઈ,
ચિંતા કોણ કરે.
મન તુ...
પશુ, પંક્ષી ઔર કીટ, પતંગા,
સબ કી ખબર કરે.
ગર્ભવાસ મે ખબર લિયો હૈ,
તો કૈસે વીસરે.
મન તુ...
ગુરુ કી સેવા ઔર સાધુ કી સંગત,
નિશદિન ધ્યાન ધરે.
કહત કબીર સુનો ભાઈ સાધુ,
ખોજત ખબર પડે.
મન તુ...

Scanned by CamScanner

ભજન-56

મૈલી ચાદર ઓઢકે કૈસે દ્વાર તુમ્હારે આઊં.
હે પાવન, હે પરમેશ્વર, મનહી મન શરમાઊં.
મૈલી ચાદર...
તુને મુજકો જગમે ભેજા નિરમલ દેકર કાયા,
આકર કે સંસાર મે મૈને ઉસકો દાગ લગાયા,
જનમ જનમ કી મૈલી ચાદર કૈસે દાગ છૂડાઊં.
મૈલી ચાદર...
નિરમલવાણી પાકર તુજસે નામ ન તેરા ગાયા,
નૈન મુંદકર હૈ પરમેશ્વર કભી ન તુજકો ધ્યાયા,
મનવીણા કી તારે તૂટી અબ ક્યાં ગીત સુનાઊં.
મૈલી ચાદર...
ઈન પૈરો સે ચલકર તેરે મંદિર કભી નહી આયા,
જહાં જહાં હો પૂજા તેરી કભી ન શિશ ઝૂકાયા,
હે હરિહર હારકર આયા અબ ક્યાં હાર ચડાઊં.

Scanned by CamScanner

ભજન-57

તેરો રોમ રોમ હર બોલે
ચિત્ત હર સાગર મે ઢોલે રે
તેરો રોમ રોમ...
ગુરુ કી બાત યહી હૈ જ્ઞાની,
બિન ગુરુ ગુણ નહી પાવે.
અપને ગુરુ કી સેવા કરલે,
વો હીરદે કે પટ ખોલે.
તેરો રોમ રોમ...
જાગ જગત મે જાગ તુ ઐસા,
તન મન સબ કુછ જાગે.
સો જા તુ સુરતાકર સો જા,
મન નહી ઈતઉત ડોલે.
તેરો રોમ રોમ...
હર મે સમાકર હરહી હો જા,
હર હી હર દરશાવે,
જ્ઞાન કી ચાદર જબ તુ ઓઢે,
તબ તુ હર કા હોવે.
તેરો રોમ રોમ...

Scanned by CamScanner

શુભ રંગ હૈ તેરી કાયા માહી,
સબ કુછ પ્રગટ હોવે.
અપને આપ મે સોચ સમજ તું,
રાય કે પર્વત ઓલે.
તેરો રોમ રોમ...

Scanned by CamScanner

ભજન-58

મુજે હૈ કામ ઈશ્વર સે જગત રુઠે તો રુઠન દે.

કુટુંબ-પરીવાર,સુત,દારા,માલ,ધન,લાજ લોકન કી,
હરિ કે ભજન કરને મે અગર છૂટે તો છૂટન દે.

બેઠ સંગત મે સંતન કી, કરુ કલ્યાણ મે અપના,
લોક દુનિયા કે ભોગો મે, મોજ લૂટે તો લૂટન દે.

પ્રભુ કે ધ્યાન ધરને કી, લગી દિલ મે લગન મેરે,
પ્રીત સંસાર કે વિષયો સે અગર તૂટે તો તૂટન દે.

ધરી શિર પાપ કી મટકી, મેરે ગુરુદેવને ગત કી,
વો બ્રહ્માનંદને પટકી અગર ફૂટે તો ફૂટન દે.

Scanned by CamScanner

ભજન-59

પામે નહી કોઈ પાર કળા તે,
અજબ રચી કિરતાર.
કળા તે...
એક વ્યક્તિને વસ્ત્રનાં વાંધા,
જમવા મળે નહી જુવાર.
અર્ધ નગનને ફરે ઉઘાડા,
પુત્ર નારી પરીવાર.
કળા તે...
એક અમનને ચમન ઉડાવે,
એને પૈસાનો નહી પાર.
રહેવા માટે મહેલ મજાના,
હુકમે દાસ હજાર.
કળા તે...
એક શરીરે આભને ઓઢે,
પૃથ્વી પાથરનાર.
કાળી મજૂરી કરવા છતા એ,
બને નહી ઘરબાર.
કળા તે...

Scanned by CamScanner

"કાન" કહે કુદરત તારી કળાનો,
કોણ હશે કળનાર.
સૌને સૌનું આપે પ્રભુજી,
સૌનો સરજણહાર.

કળા તે...

Scanned by CamScanner

ભજન-60

મારું ચિત્તડું ચોરાયલ રે
ઓધાજી આવી વાતુ કોને અમે કરીએ.
ઓધાજી આવી વાતુ...
આ પ્રીતુ છે પૂરવની,
નવીયુ નહીં થાય નાથથી રે...મે વારી જાઉં.
છુપાવી નહી રહે છાની,
ભલેને જાય શરીર રે.
ઓધાજી આવી વાતુ...
દિવસ જાય છે દોયલા,
હેજી જાણે જુગ જેવડા રે...મે વારી જાઉં.
રૂદન અમે કરતા,
હેજી રજની વિતિ જાય રે
ઓધાજી આવી વાતુ...
ધીરજ કેમ ધરીએ,
વાલીડા વ્રેહમાં વિસરે રે... મે વારી જાઉં.
એનાંથી તરીને
હેજી તપે માયલાં શરીર રે
ઓધાજી આવી વાતો...

Scanned by CamScanner

મોરારનાં સ્વામીને,
હેજી ગોપીદલ વિનવે રે...મે વારી જાઉં.
દર્શન અમને દેજો,
હેજી દીનનાં દયાળ રે
ઓધાજી આવી વાતુ...

Scanned by CamScanner

ભજન- 61

પ્રભુજી અમે જાણ્યા છે તારા સમેત
આ જગમાં હેતુ રે વિનાના ન હોય હેત
આ જગમાં...
પાટે બેસાડી જેનાં પૂજન થાતા કેમકે,
જ્યાં સુધી જીવી શકેત.
દેહ વિનાનો એનો આતમ આવે તો,
તગડી મૂકે છે કહીને પ્રેત.
આ જગમાં...
પરસેવો પાડે રુડા ખાતર પૂરે,
મોંઘા દીયે છે મોલ ખેત.
એક પણ ચાસ કોઈ પાડે નહી ભોમમાં,
જ્યાં રણ કેરી ઊડે છે રેત.
આ જગમાં...
ઓરે દુનિયાનાં માલીક તારા હેતુનો,
જાણી લીધો છે અમે ભેદ.
તારી લીલાને માટે દુનિયા બનાવી ,
એની શાખ પૂરે છે ચારે વેદ.
આ જગમાં...

Scanned by CamScanner

ભજન-62

કબહું મિલે પિયા મેરા, જોગી
　　　　કબહું મિલે પિયા મેરા...
ચરનકમલ કો હંસ હંસ દેખું,
રાખુ નેણા મેરા.
નિરખન કો મોહે ચાહ ગહેરો,
કબ દેખું મુખ તેરા, જોગી
　　　　કબહું મિલે પિયા મેરા...
વ્યાકુલ પ્રાણ ધરે ન ધીરજ,
મિલ તુ મિત સુબેરા.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
તાપ તપત બહુ તેરા, જોગી
　　　　કબહું મિલે પિયા મેરા...

Scanned by CamScanner

ભજન- 63

રૈન પરે જબ રોવે, ચકવી
રૈન પરે જબ રોવે.
અપને પીયુ સે લગન લગાઈ,
ચરણકમલ ચિત્ત પ્રોવે, ચકવી
રૈન પરે...
દોંલખ યોજન ચંદ્ર રહે દૂરી,
કોયલ પ્રફૂલ્લિત હોવે.
ચકોર ચાહે ચંદ્ર કિરણ કો,
જીવનને નહી જોવે, ચકવી
રૈન પરે...
કિટ સમુદ્ર રહત સ્વાત જલ,
મોર બપૈયા મોહે.
લગન મોરાર ઐસી જો લાગે,
પ્રીતમ પ્રીત ના બિસોવે, ચકવી
રૈન પરે...

Scanned by CamScanner

ભજન- 64

ઈશ્વર તુ પણ છે વિજ્ઞાની.
પથ્થર અંદર જીવ જીવે ને,
બંધ શ્રીફળમાં પાણી.
ઈશ્વર...
જવાબ દેને પોલા નભમાં,
સૂર્ય ચંદ્ર ક્યાં રહેતા હશે?
જનનીનાં ઉદરમાં જીવ જીવે એ,
વાયુ ક્યાંથી લેતા હશે?
તુ સરજાવે, તુ સહારે,
રાખે નહી તુ નિશાની.
ઈશ્વર...
પયપાન માટે જાદુગર તૂ,
લોહીનું દૂધ બનાવ્યું જ રામ.
કયે કરમે આ જીવ અવતરે,
એતો ના સમજાયું જ રામ.
કોને બંધન, કોને મુક્તિ,
વાત રાખે છે છાની.
ઈશ્વર...

Scanned by CamScanner

ભજન- 65

ક્યાં રંગ ભરા હૈ દુનિયા મે
ભગવાન તુમ્હારી નજરો મે
ક્યાં રંગ...
રામ લક્ષ્મણ બને વનવાસી
સીતાજી ઉનકે સંગમે હૈ
સીતાજી ઉનકે સંગમે હૈ
હનુમાનજી ઉનકી સેવા મે
ક્યાં રંગ...
પાંચ પાંડવ બને વનવાસી
કૃષ્ણજી ઉનકે સંગમે હૈ
કૃષ્ણજી ઉનકે સંગમે હૈ
અર્જુનજી ઉનકી સેવા મે
ક્યાં રંગ...
બ્રહ્મા વિષ્ણુ અંતર્યામી
શંકરજી ઉનકે સંગમે હૈ
શંકરજી ઉનકે સંગમે હૈ
નારાયણ ઉનકી સેવામે
ક્યાં રંગ...

Scanned by CamScanner

ભજન- 66

પાયોજી મૈને રામ રતન ધન પાયો

વસ્તુ અમોલખ દી મેરે સદગુરુ,
કિરપા કર અપનાયો. પાયોજી મૈને...

ખરચે ના ખૂટે, ચોર ના લૂંટે,
દિન દિન બઢત સવાયો. પાયોજી મૈને...

સતકી નાવ ખેવટિયા સદગુરુ,
ભવસાગર તરી આયો. પાયોજી મૈને...

મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
હરખ હરખ જસ ગાયો. પાયોજી મૈને...

Scanned by CamScanner

ભજન- 67

આજ તો હમારે દ્વાર ભોલેનાથ આયે,
સદાશિવ આયે, મેરે મન કો ભાયે.
આજ તો...
ઉજરી વિભૂતિ અંગ, જટા મે ખલકે ગંગ,
મુખ તો પૂનમ ચંદ, ભલી શોભા લાયે.
આજ તો...
સબહી સાહેલી સાથ,ઉમૈયા સે પૂછે બાત,
બાઈ તેરો બડો ભાગ્ય, શંભુ વર પાયે.
આજ તો...
જાકો જોગી ધરે ધ્યાન, બૈદહી કરે બખાન,
તાનસેન ગાયે ગુણગાન, શંકર કે ગુણ ગાયે.
આજ તો...

Scanned by CamScanner

ગઝલ-68

ખુશી દેજે જમાનાને મને હરદમ રુદન દેજે,
અવરને આપજે ગુલશન મને વેરાન વન દેજે.

સદાયે દુઃખમાં મલકે મને એવા સ્વજન દેજે,
પીઝામાં પણ ન કરમાયે મને એવા સુમન દેજે.

જમાનાનાં બધા પુણ્યો જમાનાને મુબારક હો,
હું પરખુ પાપને મારા મને એવા નયન દેજે.

હું તો મુક્તિનો ચાહક છું મને બંધન નથી ગમતા,
કમળ બીડાય તે પહેલા ભમ્મરને ઉડીયન દેજે.

સ્વમાની છું વિણ આવકારે ત્યાં નહી આવું,
અગર તુ દઈ શકે મુજને ધરતી પર ગગન દેજે.

ખુદા આ તમને વિનંતી છે આ નાઝિરની,
રહે જેનાથી અણનમ શીશ મને એવુ નમન દેજે.

Scanned by CamScanner

ભજન-69

ગરીબીમાં જીવન ગુજારો કરુ છું,
છતા પ્રભુ તારા પુકારો કરુ છું.
છતા પ્રભુ...
ભરોસો છે મુજને ભલે નૈયા ડોલે,
હું તો તારા ઈશારે ઈશારે ફરુ છું.
છતા પ્રભુ...
જીગરદિલ માને છે બળે છે કલેજુ,
ઊઠી આગ અગ્નિમાં વધારો કરુ છું.
છતા પ્રભુ...
હતુ એક દિલ પ્રભુ તમોને દીધુ,
વગર દિલે જીવન ગુજારો કરુ છું.
છતા પ્રભુ...
"સત્તાર" આ જમાનાનો નિરાલો રંગ છે,
હું તો દુનિયાનાં રંગથી ન્યારો ફરુ છું.

Scanned by CamScanner

ભજન-70

રોઈ રોઈ કોને સંભળાવું એમ જાડેજો કે' છે,
રૂદિયો રુવે ને માયલો ભીતર જલે.
રોઈ રોઈ...
અમે રે હતા રે તોરાદે કડવી વેલનાં તુંબડે રે,
તમે રે આવ્યાથી મીઠા હોય એમ જાડેજો કે' છે...
રોઈ રોઈ...
અમે રે હતા રે તોરાદે ઊંડે જળ બેડલા રે,
તમે રે આવ્યાથી છીંછરા હોય, જાડેજો કે' છે...
રોઈ રોઈ...
અમે રે હાલ્યા રે તોરાદે મોટા ધણીને વાયકે રે,
તમને એકલડા જોને મેલી એમ જાડેજો કે' છે...
રોઈ રોઈ...
હાલતી વેળાએ તોરાદે ગાયત્રી સંભળાવજો રે,
એ થકી મુક્તિ જોને હોય એમ જાડેજો કે' છે...
રોઈ રોઈ...

Scanned by CamScanner

ભજન-71

મારી મેના રે બોલે રે ગઢને કાંગરે
આજ મારી...
કાયાનાં કુડા રે ભરોસા
દેહુનાં ખોટા રે દિલાસા
આજ મારી...
છીપુ રે સમદરિયામાં નીપજે,
મોતીડા છે રે છીપલાની માંય.
આજ મારી...
માટી રે મંગાવું સારા શહેરની,
હીરલા છે રે ધરતીની માંય.
આજ મારી...
એવો મૃગલો વસે વનમાં એકલો રે,
કસ્તુરી છે રે મૃગલાની માંય.
આજ મારી...
એવી મેના ને મેકણ દોંનો એક છે,
એને તમે જુદાં રે ન જાણો.
આજ મારી...

Scanned by CamScanner

ભજન- 72

રમતો જોગી રે ક્યાંથી આવ્યો
આવી મારી નગરીમાં અલખ જગાવ્યો રે
વેરાગણ હું તો બની ...
કાચી કેરી રે આંબા કેરી ડાળે ,
હેજી એની રક્ષા કરે છે કોયલ રાણી રે
વેરાગણ હું તો બની...
ગોરી ગાગર રે ઠંડા પાણી,
હેજી એનાં પાણીડા ભરે છે નંદ કેરી નારી રે
વેરાગણ હું તો બની...
કાને કુંડળ રે જટાધારી,
હેજી એની નમણુ કરે છે નર અને નારી રે
વેરાગણ હું તો બની...
બોલ્યા બોલ્યા રે લીરલબાઈ
હેજી મારા સાધુડા અમરાપુરમાં માણે રે
વેરાગણ હું તો બની...

Scanned by CamScanner

ભજન-73

એ ઓધાજી એમ મારા વ્હાલાને વઢીને કેજો રે,
માને તો મનાવી લેજો રે.

એ ઓધાજી...

કુબ્જા છે રંગે કાળી, કાળા તમે વનમાળી,
આવી જોડી ક્યાય ન ભાળી રે.

એ ઓધાજી...

જનુનાને કાંઠે જાતા, લૂંટી તમે માખણ ખાતા,
છોડ્યા કેમ જૂના નાતા રે.

એ ઓધાજી...

એકવાર ગોકુળ આવો, માતાજીને મોઢે થાવો,
ગાયોને સંભાળી જાઓ રે.

એ ઓધાજી...

દાસ રે મીઠાનાં સ્વામી આવો તમે અંતર્યામી,
પડી હશે કંઈક મારામાં ખામી રે.

એ ઓધાજી...

Scanned by CamScanner

ભજન-74

તેરે દિદાર કે લિયે, બંદા હેરાન હૈ,
સુનતે નહી વો અરજ મેરી, દયાનિધાન હૈ.
તેરે દિદાર...
કાશી ગયા દ્વારકા, મથુરા મે ફિર લીયા,
મિલા નહી મુજકો તેરા અસલી મુકામ હૈ.
તેરે દિદાર...
ફીરા મે તેરી તલાશમેં, જંગલ પહાડમેં,
દેખા નહી તેરા કીસી જગહ નિશાનહૈ.
તેરે દિદાર...
પૂછા જો ઓલિયોં સે, તેરા ખાસ કર પતા,
રહેતા હૈ તેરે પાસ વો ઉનકા બિયાન હૈ.
તેરે દિદાર...
કર મહરકી નજર,મુજે અબ દર્શન દીજીયે,
"બ્રહ્માનંદ" તેરે ચરણમેં કુરબાન જાન હૈ.
તેરે દિદાર...

Scanned by CamScanner

ભજન-75

શ્યામ વિના વ્રજ સૂનું લાગે
ઓધા હમકો ન ભાવે રે...
શ્યામ...

વિકટ દિશે યમુના કિનારો,
વસમો લાગે વનરાવન સારો,
અતિ તલખે જીવ હમારો,
મોહન કોણ મિલાવે રે.
શ્યામ...

ચિત્ત હમારો ગયો ચૂરા કે,
મોહન મીઠી બેણ બજાકે,
પહેલે હમસે પ્રીત લગાકે,
રઝળતી મેલી માવે રે.
શ્યામ...

હાલ હમારા શ્રી કૃષ્ણ કો કીજે,
યાદવરાય કો સંદેશો દીજે,
હમ રંક પર રીસ ન કીજે,
કરણુસિંધુ કહાવે રે.
શ્યામ...

Scanned by CamScanner

રોવન લાગી વ્રજ કી નારી,
સકલ જગત કે કાજ વિસારી,
ઠારો કહે પ્રભુ ચરણ બલીહારી,
દિલમે ધ્યાન લગાવે રે.

શ્યામ...

Scanned by CamScanner

ભજન-76

મારે પૂર્વ જનમની પ્રીતુ રે
ઓધા મોલે આવજો રે.
ઓધા...
જોઈ જોઈને ઓરીયે જાત્યું,
બીબા વિના પડે નહી ભાત્યું,
આમાં ભાર જીલે ભીંત્યું રે.
ઓધા...
દાસી ઉતર શેનો છે દાવો,
મારે મોલે કેમ ના'વે માવો,
આવો શેનો અભાવો રે.
ઓધા...
આવો તો વાલમ કરીએ વાતુ,
તમ વિના નથી રહેવાતુ,
આવી છે કાંતુ રે.
ઓધા...
દાસી જીવણ ભીમને ભારી,
વારણા લઉં વારંવારી,
ગરીબી ગવાણી રે.
ઓધા...

Scanned by CamScanner